**રાજકોટ રૂરલ જીલ્લા ઃ- પોલીસે કરેલ સારી કામગીરી**

**માહે- ઓકટોબર/૨૦૨૨**

---

# એલ.સી.બી.એ શોધીકાઢેલ

## ચોરી : ૨

(૧) ગઇ તા.૧૮/૧૦/૨૦૨૨ ના રોજ ગોંડલસીટી વિસ્તારમાં મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા માટે પેટ્રોલીંગમાં હતાં જે દરમ્યાન ખાનગી રાહે હકિકત મળેલ કે, એક ઇસમ ગોંડલ સરકારી હોસ્પીટલ પાસે એક થેલીમાં કઇ સંતાડતો હોવાની હકિકત મળેલ જે આધારે તુર્તજ ગોંડલ સરકારી હોસ્પીટલ ખાતે જઇ તે ઇસમને પકડી તેનુ નામ પુછતા પોતે પોતાનુ નામ પરેશ ઉર્ફે પરિયો સન/ઓફ વિનુભાઇ સોંલકી જાતે દે.પુ. ઉ.વ.૨૧, રહે. ગોંડલ ભગવતપરા સરકારી હોસ્પીટલ સામે નદિના ખાડામાં વાળા હોવાનું જણાવેલ મજકુરની અગઝડતી તથા તેના હાથમાં રહેલ થેલીમાં તપાસ કરતાં અલગ-અલગ કંપનીના એન્ડ્રોઇડ મોબાઇલ ફોન નંગ-ચાર મળી આવેલ અને આ મોબાઇલ બાબતે કોઇ આધાર પુરાવા હોય તો રજુ કરવાનુ કહેતાં તેની પાસે કોઇ આધાર પુરાવા ન હોય જેથી આ મોબાઇલ ફોન શકપડતી મિલ્કત તરીકે કી.રૂ.૧૫૦૦૦/- ગણી કબ્જે કરેલ છે. અને મજકુર ઇસમને યુકિત પ્રયુકિતથી પુછપરછ કરતાં વડીયા જવાની એસ.ટી.બસમાંથી એક મોબાઇલ ફોનની ચોરી કરેલ હતી જે બાબતે ખરાઇ કરતાં અમરેલી શહેર ગુ.ર.નં. ૧૧૯૩૦૦૩૨૨૦૯૨૪/૨૦૨૨ આઇ.પી.સી.કલમ ૩૭૯ મુજબનો ગુન્હો રજી. થયેલ છે અને મજકુર ઇસમને સદરહું મોબાઇલ નંગ-૪, કિ.રૂ.૧૫૦૦૦/-ગણી સી.આર.પી.સી.કલમ ૧૦૨ મુજબ ગણી કબ્જે કરેલ અને મજકુરને સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી ગોંડલસીટી પોલીસ સ્ટેશન સ્ટે.ડા.નં. ૧૫/૨૦૨૨ કલાક ૧૪/૦૫ વાગ્યે નોંધ કરાવી આગળની કાર્યવાહી માટે સોપી આપેલ.

(૨) ગઇ તા. ૨૯/૧૦/૨૦૨૨ ના રોજ જેતપુરસીટી વિસ્તારમા મિલ્કત વિરુધ્ધના ગુન્હાઓ શોધી કાઢવા માટે પેટ્રોલીંગમાં હતાં જે દરમ્યાન ખાનગી રાહે હકિકત મળેલ કે, જેતપુરસીટી વિસ્તારમાંથી બે મોટર સાયકલની ચોરી કરેલ હોય જે (૧) કાહરૂભાઇ (૨) જીતેનભાઇ એમ બન્ને ઇસમોએ જેતપુર નવાગઢ ચોકડી પાસે ઉભેલ છે. તેવી ચોક્કસ અને ભરોસા પાત્ર હકિકત આધારે નવાગઢ ચોકડી આવી વર્ણન વાળા બન્ને ઇસમોતે કોર્ડન કરી પકડી તેનુ નામ ઠામ પુછતા (૧) કાહરૂભાઇ મોજુભાઇ મેડા જાતે ભીલ આદિવાસી ઉ.વ.૨૪ રહે. દોઢીયા ગામની સીમમાં રાજેશભાઇ પટેલની વાડીમાં તથા (૨) જીતેનભાઇ સુબલાભાઇ હીટલાજાતે ભીલ આદીવાસી ઉ.વ૨૩, રહે. હલેંડા ગામની સીમમાં સુનીલભાઇ પટેલની વાડી વાળા હોવાનુ જણાવેલ મજકુર બન્નેની યુકિત પ્રયુકતિ થી પુછપરછ કરતાં જેતપુર એક ઘરની બહાર થી બે હોન્ડા સાઇન મોટર સાયકલ ઘરના પાર્કીગના બહારના ભાગે હોય તેમા હેન્ડલ લોક મારેલ ન હોય જેથી બન્ને મો.સા.ની ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ જેથી આ બાબતે ખરાઇ કરતાં બન્ને મો.સા. ચોરીનો ગુન્હો જેતપુરસીટી પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૩૦૨૨૨૧૧૩૨૧/૨૦૨૧ આઇ.પી.સી.કલમ ૩૭૯ થી ગઇ તા.૨૮/૦૯/૨૦૨૨ ના રોજ દાખલ થયેલ હોય જેથી બન્ને ઇસમોને સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી જેતપુરસીટી પોલીસ સ્ટેશનને સ્ટે.ડા.નંબર ૦૨/૨૦૨૨ કલાક ૦૧/૩૦ વાગ્યે તા.૨૯/૧૦/૨૦૨૨ ના રોજ સોપી આપેલ હોય અને જેતપુર ખાતે બનેલ બે મોટર સાયકલ ચોરીના વણશોધાયેલ ગુન્હાઓ શોધી કાઢેલ હોય.

# <u>પ્રોહીબીશનનો કવોલીટી કેસ</u>

(૧) ગઇ તા.૧૪/૧૦/૨૦૨૨ ના રોજ ખાનગી રાહે હકીકત મળેલ જે આધારે ગોંડલ, કોટડાસાંગાણી રોડ રઘુવીર સોસાયટી આરોપી ભગીરથસીંહ કાથુભા વાઘેલાના ઘર પાસે કારમાં ભારતીય બનાવટનો ઇગ્લીશ દારુની બોટલ સંતાડેલ હોવાની ચોક્કસ બાતમી મળતાં તુર્તજ સદરહું જગ્યાએ રેઇડ કરતાં આરોપી નં. (૧) ભગીરથસીંહ કાથુભા વાઘેલા રહે- ગોંડલ, કોટડાસાંગાણી રોડ રઘુવીર સોસાયટી વાળાના રહેણાંક મકાને તેમજ મહીન્દ્રા કંપનીની સફેદ કલર ની બોલેરો પીક-અપ તથા મારૂતી કંપનીની સફેદ કલર ની સ્વીફ્ટ કારમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો વેચાણ કરવાના ઇરાદે રાખી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૭૫૦ એમ.એલ.ની કંપની શીલપેક બોટલ નંગ-૧૦૫૬ કુલ કિ.રૂ. ૩,૧૬,૮૦૦/- તથા મહીન્દ્રા કંપનીની સફેદ કલર ની બોલેરો પીક-અપ વાહન કિ.રૂ. ૪,૦૦,૦૦૦/- તથા મારૂતી કંપનીની સફેદ કલર ની સ્વીફ્ટ કાર રજી.નં-જી.જે.૦૩-ઇ.એલ-૩૫૪૫ વાળી કી.રૂ.૨,૫૦,૦૦૦/- તથા તાલપત્રી કી.રૂ.૨૦૦/- તથા રસ્સો કી.રૂ.૧૦૦/- તથા સર્વીસ બુક કિ.રૂ.૦૦/- મળી કુલ રૂ. ૯,૬૭,૧૦૦/- નો મુદામાલ રાખી હેરાફેરી કરી રેઇડ દરમ્યાન (૨) સત્યદેવસીંહ ઉર્ફે લાલો રાજેન્દ્રસીંહ જાડેજા રહે- ગોંડલ, કોટડાસાંગાણી રોડ રઘુવીર સોસાયટી વાળો તથા અજાણ્યો ઇસમ નાશી જતા ગુન્હામાં એકબીજાને મદદગારી કરી તપાસમાં ખુલ્લે તમામ વિરૂધ્ધ ગોંડલસીટી પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ગોડલ સીટી પો.સ્ટે.સી ગુ.ર.ન.૧૧૨૧૩૦૧૫૨૨૧૦૫૭/૨૨ પ્રોહી.એકટ કલમ- ૬૫(એ)(ઇ), ૧૧૬બી, ૮૧,૯૮(૨) મુજબનો ગુન્હો રજી. કરાવેલ.

---------------------------